પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૪૯ | ૨૧ નવેમ્બર, ૨૦૨૧, રવિવાર; કારતક વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# હાહાકાર : વિશ્વમાં કોરોનાની વણસતી સ્થિતિ

## યુએસએ, રશિયા અને જર્મનીમાં સ્થિતિ વણસી : ઓસ્ટ્રીયામાં ૧૦ દિવસનું લોકડાઉન : નોર્વેમાં સરહદ ક્રોસ કરવા પર કડક નિયંત્રણો મુકવામાં આવ્યા




બર્લિન, તા.૨૦

રશિયામાં સતત ત્રીજા દિવસે કોરોનાના સાડા બારસો કરતાં વધારે મોત નોંધાયા હતા. રશિયાના ટાસ્ક ફોર્સે કોરોનાના નવા ૩૭,૧૫૬ કેસો નોંધાયા હોવાની જાહેરાત કરી હતી. બુધવારે કોરોના મરણાંક ૧૨૪૭ હતો જે ગુરૂવારે ૧૨૫૧ અને શુક્રવારે ૧૨૫૪ થયો હતો. દરમ્યાન યુએસ રેગ્યુલેટર્સ તમામ પુખ્તોને બૂસ્ટર ડોઝ આપવાની મંજૂરી આપી દીધી છે. હાલ દસ રાજ્યોમાં તમામ પુખ્તવયની વ્યક્તિઓને બૂસ્ટર ડોઝ આપવામાં આવી રહ્યા છે. ફાઇઝર અને મોડર્નાએ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનના નિર્ણયની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે ૧૮ વર્ષ કે તેથી વધારે વયની તમામ વ્યક્તિઓ બૂસ્ટર ડોઝ મેળવવાને લાયક ગણાશે. છેલ્લે ઉટાહ અને માસાચ્યુસેટસ રાજ્યોમાં તમામને બૂસ્ટર ડોઝ આપવાની જાહેરાત કરી હતી. બાઇડન વહીવટીતંત્રનું ધ્યેય દરેક જણને બૂસ્ટર ડોઝ આપવાનું છે. પરંતુ સપ્ટેમ્બરમાં એફડીએની સલાહકાર પેનલે આ વિચારનો એમ કહીને વિરોધ કર્યો હતો કે મોટાભાગના વય જૂથોમાં હાલ કોરોનાની રસી અસરકારક હોવાથી બૂસ્ટર ડોઝ આપવાની જરૂર નથી. એ પછી બધાને ફાઇઝરને વધારાનો ડોઝ આપવાની શરૂઆત કરવામાં આવી હતી.કોરોના મહામારી શરૂ થઇ તે પછી પહેલીવાર જર્મનીમાં એક જ દિવસમાં કોરોનાના નવા ૬૫,૦૦૦ કેસો નોંધાયા હોવાનું

● અનુસંધાન પાન-૭ પર

## ઈન્દોર સતત પાંચમી વખત સ્વચ્છ શહેરની યાદીમાં દેશમાં પ્રથમ સ્થાને

નવી દિલ્હી , તા.૨૦

રાષ્ટ્રપતિ રામ નાથ કોવિંદ સ્વચ્છ શહેરો માટે સ્વચ્છ સર્વેક્ષણ પુરસ્કાર ૨૦૨૧ આપવામાં આવ્યા હતા. માહિતી અનુસાર, રાષ્ટ્રપતિ કોવિંદ

**ગુજરાતનું સુરત શહેર બીજા ક્રમે**



શનિવારે ૩૪૨ શહેરોનું સન્માન કર્યું, જેને 'સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૧લ્લની શ્રેણીમાં ગાર્બેજ ફ્રી સિટી અને સફાઈ મિત્ર ચેલેન્જની શ્રેણીમાં પુરસ્કાર આપવામાં આવ્યા. શહેરોને સન્માનિત કરવાનો કાર્યક્રમ, 'સ્વચ્છ અમૃત મહોત્સવલ્લ, કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયદ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. અને તે રાષ્ટ્રીય રાજધાનીમાં વિજ્ઞાન ભવનમાં યોજાયો હોવાનું મંત્રાલયે જણાવ્યું હતું. આ ઉપરાંત, આ કાર્યક્રમ

● અનુસંધાન પાન-૭ પર

## વરૂણ ગાંધી TMCમાં જોડાય એવી ચર્ચા

### આગામી સપ્તાહે મમતા બેનરજી દિલ્હી આવનાર છે ત્યારે તેમની અને મમતા વચ્ચે વાતચીત આગળ વધી શકે છે

નવી દિલ્હી, તા.૨૦

પોતાની પાર્ટીથી નારાજ ચાલી રહેલા ભાજપના લોકસભા સાંસદ વરુણ ગાંધી હવે મમતા બેનરજીની પાર્ટી ટીએમસીમાં જોડાશે તેવી ચર્ચાઓએ રાજકીય માહોલને ગરમ કર્યો છે.

એવુ કહેવાઈ રહ્યુ છે કે, તેઓ ટીએમસીના નેતાઓના સંપર્કમાં છે.આગામી સપ્તાહે મમતા બેનરજી દિલ્હી આવનાર છે ત્યારે તેમની અને મમતા બેનરજી વચ્ચે આ મુદ્દે વાતચીત આગળ વધી શકે છે. વરુણ ગાંધી છેલ્લા કેટલાક સમયથી પાર્ટીની નેતાગિરિથી નારાજ છે.તેની પાછળનુ સૌથી મોટુ કારણ એ મનાય છે કે, વરુણ ગાંધીને કેબિનેટમાં જગ્યા મળી નથી.ઉપરાંત ખેડૂતોની તરફેણમાં ગયા મહિને વરુણ ગાંધીએ આપેલા નિવેદન બાદ ભાજપની રાષ્ટ્રીય કારોબારીમાં પણ વરુણ ગાંધી અને મેનકા ગાંધીને સ્થાન અપાયુ નથી.

બીજી તરફ ટીએમસી બંગાળથી આગળ નીકળીને દેશમાં કોંગ્રેસનો વિકલ્પ બનવા માટે હિન્દી ભાષી રાજ્યોમાં પગ જમાવવા માંગે છે.આ સંજોગોમાં યુપી માટે વરુણ ગાંધી ટીએમસીનો ચહેરો બની શકે છે.એક મીડિયા રિપોર્ટમાં ટીએમસીના એક સિનિયર નેતાને ટાંકીને કહેવાયુ છે કે, વરુણ ગાંધી ભાજપ છોડવા માટે વિચાર કરી રહ્યા છે. બીજી તરફ પ્રિયંકા ગાંધી અને વરુણ ગાંધી વચ્ચે તાજેતરમાં મુલાકાત થઈ હતી .આમ તેઓ કોંગ્રેસમાં પણ જોડાવાનો વિકલ્પ ખુલ્લો રાખી શકે છે તેવી અટકળો પણ થઈ રહી છે.

Dr. Mamta Buch's
Gateway of
English Academy
New Batch for
Spoken English
Free demo lecture on 25th November 2021
Registration Compulsory for Demo Lecture
(Last Date for Registration - 23rd November 2021)
New batch starts from 1st December 2021
Guarantee for minimum fees
For more information
99798 75229

ગુજરાત ઉત્સવ | શોપિંગ ફેસ્ટીવલ
ટુંક સમય માટે જ
સહિયર ગરબા ગ્રાઉન્ડ, ટિબેટીયન બજારની બાજુમાં, પથિકા આશ્રમ પાસે, સેક્ટર ૬, ગાંધીનગર
વેસ્ટર્ન કપડાની વેરાઈટીઝ વજન ઉપર મળશે.
વિન્ટર ફેસ્ટીવલ ગરમ કપડાનો ભવ્ય સેલ
હુડી જેકેટ, લેડીઝ-જેન્ટસ તથા બાળકોના હેવી-લાઈટ જેકેટ તથા સ્વેટર
ગરમ ટોપ અને કુર્તી મળશે.
ભારતભરની તમામ કલાત્મક કારીગરો દ્વારા બનાવેલ હેન્ડલૂમ, હેન્ડીક્રાફ્ટ, એન્ટીક વસ્તુઓના અનેક સ્ટોલ્સ
ઘરવખરીની કોઈ પણ આઈટમ ફક્ત 20/- થી શરૂ
• માસ્ક પહેરવુ ફરજીયાત છે. • માસ્ક વગર એન્ટ્રી મળશે નહી. • થેલી બંધ હોવાથી કપડાની થેલી સાથે લઈને આવવા વિનંતી

aashka HOSPITALS
પ્રામાણિક અને શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ માટે વિશ્વસનીય નામ



ઘુંટણનાં સાંધાનું પ્રત્યાપર્ણ
ઘુંટણની સમસ્યા માટે શ્રેષ્ઠ સારવાર
ડૉ. ધવલ ગોસ્વામી - જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
15 વર્ષથી વધુનો અનુભવ • 3000 થી વધુ સફળ જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી
• જોઇન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી માટે અત્યાધુનિક ક્લાસ 100 ઓપરેશન થિયેટર
• હીપ રિપ્લેસમેન્ટ • શોલ્ડર રિપ્લેસમેન્ટ • એલ્બો રિપ્લેસમેન્ટ



ફ્રી ડેન્ટલ કન્સલ્ટેશન
21 નવેમ્બર થી 21 ડિસેમ્બર
*રજીસ્ટ્રેશન જરૂરી છે
ડૉ. વૃત્તિ શાહ - BDS MDS કન્સલ્ટન્ટ ડેન્ટલ સર્જન અને ઇમ્પ્લાન્ટોલોજીસ્ટ
દાંતની તમામ સમસ્યાઓ માટે:-
• રૂટ કેનાલ (દાંતના નસની સારવાર) • ઇમ્પલાન્ટ • ચોકઠાની સારવાર • મોઢામાંથી દુર્ગંધ આવવી
• મોઢામાં લાલ અને સુજેલા પેઢા તથા મોઢાના ચાંદાની સારવાર • પીડા અથવા સુજી ગયેલા દાંત
• લેસર દ્વારા પેઢાની સારવાર અને પાયોરિયાની સારવાર • વાંકા ચૂકા દાંતની સારવાર
• કોઈ પણ પ્રકારના જડબા અને દાંતના દુ:ખાવાની સારવાર
ઇમરજન્સી અને ટ્રોમા દર્દીઓ માટે 24 x 7 સેવાઓ ઉપલબ્ધ
અમે ICU રજિસ્ટ્રારની નિમણૂક કરી રહ્યા છીએ
લાયકાત - એનેસ્થેટીસ્ટ / પલ્મોનોલોજિસ્ટ / ઇમરજન્સી મેડિસિન / ક્રિટિકલ કેર ઇન્ટેન્સિવિસ્ટ. રસ ધરાવતા ઉમેદવારોએ 75750 07701 પર સંપર્ક કરવો




ઇમરજન્સી કોન્ટેક્ટ
75750 07707 / 98797 52777
પેશન્ટ કો-ઓર્ડિનેટર
75750 07717 / 75750 07724
સરગાસણ અને રિલાયન્સ ચાર રસ્તા વચ્ચે, સરગાસણ, ગાંધીનગર - 382421, ગુજરાત, ભારત www.aashkahospitals.in aashkahospitals aashkahospitalsltd